સેન્ટ ઝેવિયર્સ ખાતે 'રઢિયાળી રાત' ગરબા મહોત્સવની ઉજવણી

@ગાંધીનગર

● સરગાસણ સર્કલ પાસે સ્થિત પ્રમુખ ઝીઓન ટાઉનશીપમાં શરદપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે રાત્રે ૮ કલાકે ગરબાનો કાર્યક્રમ યોજાશે.

●આર્ટ લવર્સ દ્વારા સરગાસણ ચાર રસ્તા પાસે હેમલતા ફાર્મમાં શરદિયુ સંગીત કાર્યક્રમ રાત્રે ૮ કલાકે યોજાશે.

● રાજપુત સાંસ્કૃતિક ફોરમ દ્વારા રાત્રે ૯ કલાકે રાજશ્રી પાર્ટી પ્લોટ, પેથાપુર ખાતે શરદોત્સવ ૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

પ્રજાપતિ સમાજ દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે તા. ૨૭ ઓકટોબરના રોજ રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન રંગમંચ, સેકટર-૧૨ ખાતે ગરબાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કલાવૃંદ ગ્રુપની ગાયિકા સાક્ષી ગોહિલ ગરબાની રમઝટ બોલાવશે. ગરબા કાર્યક્રમમાં ભાગ લેવા ફરજિયાત પણે ટ્રેડીશનલ ડ્રેસમાં આવવાનું રહેશે તેમજ સર્વે જ્ઞાતિબંધુઓને મોટી સંખ્યામાં ગરબામાં ભાગ લેવા સમાજના પ્રમુખ અલ્પેશભાઈ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

કુડાસણ સ્થિત પીઝા પોઈન્ટ પર એસઓજીનો દરોડો

ગાંધીનગર નજીક કુડાસણ સ્થિત પીઝા પોઈન્ટ ખાતે ગાંધીનગર એસઓજીની ટીમે આકસ્મિક દરોડો પાડયો હતો. પીઝા પોઈન્ટ હોટલ લાયસન્સ વગર શરુ કરી દેવામાં આવી હોવાનું ધ્યાને આવતા એસઓજીની ટીમે હોટલ સંચાલક દક્ષાબેન અમીતભાઈ પટેલ સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહારાષ્ટ્ર સમાજ દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણી કરાશે

ગાંધીનગરના મહારાષ્ટ્ર સમાજ દ્વારા તા. ૨૬ ઓકટોબરના રોજ સેકટર-૨૧ ખાતે શરદપુનમના અવસરે સમસ્ત મહારાષ્ટ્ર સમાજના સભ્યો માટે સાંજે ૬.૦૦ કલાકે સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રીયન બાળકો દ્વારા લેઝીમ અને મરાઠી ડાન્સનો કાર્યક્રમ યોજાશે. જેમાં રંગોળી, ચિત્રકળા, મરાઠી ભાષા સ્પર્ધા તથા નૃત્ય સ્પર્ધા યોજાશે અને વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. સર્વે મહારાષ્ટ્રીયન ભાઈઓ તથા બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સમાજના ખજાનચી સંદીપ પાંગે અનુરોધ કર્યો છે.

સરગાસણ પાસે કોઝ-વે ના ખાડામાં ગાડી ઉતરી ગઈ...!

૧૦૮ એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી ગાડીનો ચાલક અંદર જ બેસી રહ્યો : સદભાગ્યે જાનહાની થઈ નથી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર પાસેના શાહપુર ચોકડીથી સરગાસણ ચોકડી તરફ ઈન્ડીકા ગાડી લઈને જઈ રહેલા સેકટર-૬ના રહેવાસીએ અચાનક સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ગાડી સરગાસણ પાસેના કોઝ-વેના ખાડામાં ઉતરી ગઈ હતી. ફિલ્મનું શુટીંગ ચાલતું હોય તેવા સર્જાયેલા દેશ્ય બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી કારચાલક અંદર જ બેસી રહ્યા હતા. સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી પરંતુ બેઠો માર વાગતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ બાદ ઘાયલ કાર ચાલકને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

શહેરના સેકટર-૬-બી પ્લોટ નં. ૭૧૧ ખાતે રહેતા ૪૫ વર્ષીય જયેશભાઈ સુથાર આજે સમી સાંજે શાહપુર ચોકડીથી સરગાસણ ચોકડી તરફ પોતાની ઈન્ડીકા ગાડી લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન જયેશભાઈએ એકાએક સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ગાડી રસ્તાથી કોઝ-વેના ઉંડા ખાડામાં ઘુસી ગઈ હતી. ગાડી કોઝ-વેમાં ઉતરી પડતા જોનાર ફિલ્મનું શુટીંગ ચાલતું હોય તેમ સમજી બેઠા હતા. આ અકસ્માતમાં જયેશભાઈને બેઠો માર વાગ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી અને એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી કાર ચાલક ડ્રાઈવર સીટ પર જ બેસી રહ્યા હતા. એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સેકટર-૨૦ પ્રાથમિક શાળા પાસે પાણીનો બગાડ ક્યારે અટકશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરને રોગચાળાએ ભરડો લીધો છે. નગરના પાણીના ખાબોચીયા વિવિધ રોગોના મચ્છરોનું ઉત્પત્તિ કેન્દ્ર છે. આરોગ્ય તંત્ર દ્વારા શહેરમાં પાણીના ભરાવાના સ્થાનો શોધી દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે ત્યારે શહેરના સે-૨૦ સરકારી પ્રાથમિક શાળા નં.૨ની સામે કેટેગરી ટાઈપના મકાનો તોડી પડાયા છે. આ સ્થળે પાણીની લાઈનમાંથી પાણી વહેતા ખોદકામ કરાયેલા ખાડાઓમાં પાણીનો ભરાવો થાય છે. આ વિસ્તારના શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વસાહતીઓના આરોગ્ય સામે ખતરો ઝુંબુળી રહ્યો છે. તંત્ર દ્વારા પાણીના કનેકશનો તાત્કાલીક ધોરણે બંધ કરી પાણીનો બગાડ અટકાવવો જોઈએ તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

સેકટર-૨૦ નિકાલ હેઠળના મકાનોની પાણીની લાઈનમાંથી પાણી વહી રહ્યું છે

શહેરના સેકટરોમાં રહેતા વસાહતીઓ પાણીનો કકળાટ કરે છે. પુરતા પ્રેશરથી પાણી ન મળતા નગરજનો હેરાન પરેશાન છે ત્યારે 'સેવ વોટર'ના નારા પોકારતા તંત્રને પાણીની ગંભીરતા સમજાતી નથી. નગરના સેકટરોમાં અત્યારે હાલ વિવિધ કક્ષાના મકાનો જે જર્જરીત હાલતમાં હતા તેનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. કેટલાક સેકટરોમાં મકાનનો નિકાલ પણ થઈ ગયો છે. શહેરના સે-૨૦ પ્રાથમિક શાળા નં.૧ની બાજુમાં કેટેગરીના નિકાલ હેઠળના મકાનો તોડી પડાયા છે. સંપૂર્ણ કાટમાળ હટાવી જગ્યા ખુલ્લી કરી દેવાઈ છે પરંતુ જે તે સમયે મજુરો દ્વારા પાયાની ઈંટો નિકાળવામાં આવી હતી જેથી ત્યાં મોટા ખાડા નિર્માણ પામ્યા હતા. ખાડાઓમાં પાણીની લાઈનના તમામ નળ તુટી ગયા હોવાથી પાણીનો બગાડ થાય છે. પાણી ખાડામાં ભરાઈ રહેવાથી મચ્છરોનો ત્રાસ વધતા વસાહતીઓની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. નગરમાં મેલેરીયા-ડેન્ગ્યુ, ટાઈફોઈડ, કમળા જેવા રોગોએ માથુ ઉચકયું છે. સેકટર-૨૦ના વસાહતીઓના આરોગ્ય સામે ખતરો ઉભો થતા ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. તંત્ર દ્વારા પાણીની લાઈનમાંથી વહેતું પાણી તાત્કાલીક ધોરણે અટકાવવામાં આવે તેવી સેકટરવાસીઓની લાગણી અને માંગણી છે. પાણી બંધ થતા મચ્છરોનો ત્રાસ ઘટશે જેથી તમામ સમસ્યાઓનું નિરાકરણ આવશે તેવું વસાહતીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગરની બે મહિલાઓએ ૨૦૦ કિમી નાઈટ સાયકલીંગ સફરખેડી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની બે મહિલા સાયકલીસ્ટ તાજેતરમાં અમદાવાદથી આબુ રોડ સુધી ૨૦૪ કિમીની સાયકલ યાત્રા કરી આવી અને તે પણ રાત્રીના સમયે. માત્ર ૧૨ જ કલાકમાં આ સાહસિક સફર તેમણે પૂર્ણ કરી હતી અને હવે આગામી સમયમાં તેઓ ૪૦૦ કિમી સાયકલ યાત્રામાં જોડાશે તેમજ પંચમહાલ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ગામોની આદિવાસી બાળાઓમાં શિક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા સાયકલ પર અભિયાન હાથ ધરવાનું આયોજન પણ કરી રહી છે.

ફ્રાન્સની ઔડકસ કલબ પેરિસીયન દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાએ 'બ્રેવેટ્સ રેન્ડોનીયર્સ મોન્ડયુ' (બીઆરએમ) નામની આંતરરાષ્ટ્રીય કક્ષાએ સાયકલીંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવે છે. વિશ્વભરમાં યોજાતી આ સાહસિક સફરના નિયમો આ સંસ્થા જ નક્કી કરે છે. જેમાં મોટે ભાગે નાઈટ સાયકલીંગ જ કરવાનું હોય છે. આ સફરમાં સાયકલીસ્ટોની ભરપૂર શારિરીક કસોટી થાય છે કારણ કે નિયત સમયમાં આ યાત્રા પૂર્ણ કરવાની હોય છે. સફર દરમિયાન ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું ફરજિયાત છે અને રસ્તામાં પડતી તમામ અડચણોનો ઉકેલ પણ સાયકલીસ્ટે જાતે જ મેળવવાનો હોય છે. આ કલબ સાથે જોડાયેલ અમદાવાદની સાયકલોન સંસ્થા દ્વારા તાજેતરમાં આબુ રોડ સુધીની ૨૦૪ કિમીની યાત્રાનું આયોજન કરાયું હતું. માત્ર એક જ વર્ષમાં ૨૦૦ કિમી, ૪૦૦ કિમી, ૬૦૦ કિમી, ૮૦૦ કિમી અને ૧ હજાર કિમીની નિયમ મુજબની સાયકલ યાત્રા પૂર્ણ કરનાર સાયકલીસ્ટને પેરિસ ખાતે યોજાતી આંતરરાષ્ટ્રીય સાયકલ ઈવેન્ટમાં ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આ દરમિયાન જેટલી યાત્રા પૂર્ણ કરે તે માટે મેડલ પણ એનાયત કરાતા જાય છે.

ગત ઓકટોબર માસની ૯મી તારીખે યોજાયેલ આ નાઈટ સાયકલીંગ ઈવેન્ટમાં કુલ ૫૫ સાયકલીસ્ટ જોડાયા હતા જેમાં ગાંધીનગરની જી-૩ સાયકલ કલબની બે મહિલા સાયકલીસ્ટ પ્રિતિ સોનવણે અને પિન્કી જહાનો સમાવેશ થાય છે. બે બે બાળકોની માતાઓ હોવા છતાં આ બંને સાહસવીર મહિલાઓએ

આ સાયકલ યાત્રામાં જોડાઈ ગાંધીનગરના નગરજનો સમક્ષ એક પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે. રાત્રે ૧૦ વાગે અમદાવાદના શાંતિપુરા સર્કલથી પ્રારંભ થયેલ આ સફર પિન્કી જહાએ બીજા દિવસે સવારે ૯.૩૦ કલાકે અને પ્રિતિ સોનવણેએ ૧૦.૧૫ કલાકે પૂર્ણ કરી હતી. આ સફર દરમિયાન અનેક મુશ્કેલીઓ જેવી કે ટાયરમાં પંકચર પડવા, રોડ પરના ખાડા ટેકરા, શારિરીક થાક થી લઈને પાલનપુરથી આબુરોડ સુધીના માર્ગે આવતી દુર્ગમ પહાડીઓ, જંગલના રસ્તે એકલા સાયકલ ચલાવવા જેવી ઘણી સાહસિક ક્ષણોનો સામનો કર્યો હતો. દરેક સાયકલીસ્ટ તેની પોતાની ક્ષમતા મુજબની ગતિએ સાયકલ ચલાવે તેથી ૫૫ સાયકલીસ્ટ હોવા છતાં અનેકવાર માત્ર એકલા જ સાયકલીંગ કરવાનું આવતું હતું. જેમાં રાત્રી સમયે જંગલી પશુઓથી માંડીને ચોર લુંટારા સુધીનો ડર પણ સામેલ થતો હતો. સતત શારિરીક શ્રમ કરવાનો હોઈ ખોરાક લેવામાં ખુબ ધ્યાન રાખવું પડે અને નિયત કરાયેલ એનર્જી ડ્રીંકસ સિવાય અન્ય કંઈ લઈ ના શકાય તેવી સ્થિતિમાં બંનેએ તેમની સફર નિયત સમય કરતા બે થી દોઢ કલાક વહેલી પૂર્ણ કરી હતી.

આ સાહસપૂર્ણ સફરમાં ૫૫ સાયકલીસ્ટમાં કુલ ૮ મહિલા સાયકલીસ્ટ હતી જેમાં ગાંધીનગરની આ બંને મહિલા સાયકલીસ્ટ સામેલ થઈ હતી. સિધ્ધપુરથી આગળના માર્ગે તો લાઈટની જ વ્યવસ્થા નહોતી મળતી તેવું જણાવતા પિન્કી જહા કહે છે અમે આ સફર દરમિયાન ઢાબા પર ખાવું, જાતે પંકચર બનાવવું, ખુબ જ ચઢાણવાળુ સાયકલીંગ કરી થાકી જવાય ત્યારે અડધી રાત્રે સુમસામ વેરાન જગ્યાએ થાક ખાવા બેસવું જેવા અનેક અનુભવો મેળવ્યા હતા. પ્રિતિ સોનવણેએ જણાવ્યું હતું કે આ સફર માટે તેમણે ૪ મહિનાથી ખુબ તૈયારીઓ કરી હતી. છેલ્લા ૫૦ કિમી તો અમારે માટે ખુબ જ અઘરા હતા. ત્યારે એમ થતું કે શા માટે અમારા શરીરને આટલું કશ્ટ આપી રહ્યા છીએ પરંતુ અમારું મન અડગ હતું અને સફર પૂર્ણ કર્યાના આનંદે બધું જ ભુલાવી દીધું હતું. અમારી સાથે ભાવનગરથી આવેલા ૭૩ વર્ષીય ખેડૂત સાયકલીસ્ટને જોઈને અમને ખુબ પ્રેરણા મળી હતી.

ગાંધીનગરમાં પ્રિતિ સોનવણે અને પિન્કી જહા તેમની અન્ય એક મિત્ર ભૂમિ જોગાણી સાથે મળીને જી-૩ સાયકલ કલબ ચલાવે છે અને ગાંધીનગરને સાયકલ ફ્રેન્ડલીસીટી બનાવવા નગરજનોને સાયકલનો ઉપયોગ વધારવા સતત પ્રેરિત કરે છે. ૨૦૦ કિમીના નાઈટ સાયકલીંગ ઈવેન્ટમાં ભાગ લઈ સફળ રીતે પૂર્ણ કરતા આ બંને મહિલાઓએ નગરની મહિલાઓના મસ્તકને ગૌરવથી ઉન્નત કર્યા છે.

એકાત્મ-માનવવાદ પંડિત દીનદયાલ દ્વારા સ્થાપિત એક વિચાર અને જીવન પધ્ધતિ છે

ગાંધીનગર, તા.૨૫

એકાત્મ-માનવવાદ પંડિત દીનદયાલ દ્વારા સ્થાપિત એક વિચાર અને જીવન પધ્ધતિ છે. આપણે સૌ એવી સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરીએ જેમાં કરૂણા હોય, સંવેદનશીલતા હોય અને એકબીજાને પૂરક હોય તેમ રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે.

ભારતીય વિચારમંચ, અમદાવાદ આયોજીત ડૉ. મહેશચંદ્ર શર્માના દીન દયાલ ઉપાધ્યાય : 'કર્તવ્ય અને વિચાર' પુસ્તકના ગુજરાતી અનુવાદનું રાજયપાલશ્રીએ વિમોચન કર્યું હતું અને જણાવ્યું હતું કે ગુજરાતી વાચકો માટે મૂલ્યવાન પુસ્તક ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થશે તથા પંડિત દીનદયાલજીના એકાત્મ-માનવવાદના વિચારો પોતાની માતૃભાષામાં જાણવા મળશે.

રાજયપાલશ્રીએ પુસ્તકના લેખક અને ગુજરાતીમાં અનુવાદીત કરતા સુધાબેન કરજગાવકરને આ માટે ધન્યવાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજયપાલશ્રીએ જણાવ્યું કે આપણે પશ્ચિમી વિચારોથી પ્રભાવિત છીએ પરંતુ આપણી ભારતીય પરંપરા-સંસ્કૃતિ એકબીજાને જોડવાનું, મદદરૂપ થવાનું તેમજ માનવવિકાસને કેન્દ્રમાં રાખે છે. આ એકાત્મ-માનવવાદની વિચારધારા પંડિત દીન દયાલજીના વિચારો અને કર્મમાં રહેલ છે.

રાજયપાલશ્રીએ કહ્યું કે, પંડિત દીનદયાલજી કર્તવ્ય આધારિત સમાજ વ્યવસ્થાના હિમાયતી હતા એટલું જ નહિ દેશના રાજયોમાંના ધર્મ, જાતિ, ભાષા, સંસ્કૃતિમાં રહેલી વિવિધતામાં એકતાની આપણી વિરાસત તેમના ચિંતન અને વિચારોમાં સતત વ્યકત થાય છે.

દીનદયાલ ઉપાધ્યાય : 'કર્તવ્ય અને વિચાર' પુસ્તકનું વિમોચન

રાજયપાલશ્રીએ જણાવ્યું કે ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, પંડિત દીન દયાલજી, યોગી શ્રી અરવિંદ જેવી અનેક ભારતીય વિભૂતીઓએ ભારતીય સંસ્કૃતિની ઓળખને ઉજાગર કરવા મહત્પૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું કે અખંડ ભારતના નિર્માણ માટે ગાંધીજી અને પંડિત દીન દયાલજી બંનેએ સમાજમાં મનુષ્ય એકબીજાને પૂરક બને તેવા હંમેશા પ્રયાસો કરતા રહ્યા છે.

પુસ્તકના લેખક અને પંડિત દીનદયાલ શોધ સંસ્થાન, નવી દિલ્હીના નિર્દેશક ડૉ. મહેશચંદ્ર શર્માએ પુસ્તકના પરિચયમાં જણાવ્યું કે આ પુસ્તક ૧૯૮૬માં તેમના દ્વારા પીએચડી સંશોધનમાં તૈયાર થયેલું છે. દીન દયાલજીના એકાત્મ-માનવવાદ વિચારો દેશ અને દુનિયા સુધી પહોંચે તે માટે ક્ષેત્રિય ભાષામાં અનુવાદિત થઈ રહ્યા છે. તેમણે જણાવ્યું કે વિકાસના કેન્દ્રમાં માનવ જ હોવો જોઈએ. અખંડ ભારતના નિર્માણ માટે દીન દયાલજીના દૃષ્ટિકોણનો વિચાર માર્ગ જ પરિણામલક્ષી બનાવી શકે તેવી તાકાત ધરાવે છે.

આ પ્રસંગે ભારતીય વિચાર મંચ ગુજરાતના શ્રી કૈલાશ શર્મા સહિત આમંત્રિત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાતવાતમાં

● શરદપૂર્ણિમા નિમિત્તે બ્રહ્મસમાજ ભવન ખાતે યોજાયેલ રાસ ગરબાના અંતે યુવા પાંખના પ્રમુખ જીગર ત્રિવેદીની કારની ચાવી ખોવાઈ જતા તેને શોધવા મિત્રો મથામણે ચઢયા હતા અંતે ચાવી પરિવારજનો સાથે ઘરે પહોંચી ગયેલી હોવાથી અન્ય કાર દ્વારા તેઓ પોતાના સ્વગૃહે પરત ફર્યા હતા.

● બ્રહ્મસમાજના ભવને ચાવી શોધવાની મથામણમાં એક મહાશય એટલા ઉત્સાહમાં આવી ગયા હતા કે તેમને ભવનનો કાચનો દરવાજો જ ના દેખાયો. ઉતાવળમાં તેઓ દરવાજે ભટકાયા હતા તે જોઈ ઘણા બ્રહ્મબંધુઓ પોતાનું હસવું ખાળી ન્હોતા શકયા.

● નવરાત્રી બાદના રવિવારની રજાએ નગરના અધિકારીઓ કે કર્ચમારીઓને રીલેક્ષ થવાનો અવસર નહોતો સાંપડયો. ઘરમાં શ્રીમતિજીના આદેશના પગલે દિવાળીની સફાઈ કાર્યમાં જોતરાવું પડયું હતું.

● આ વર્ષની નવરાત્રીમાં પ્રાચીન ગરબા અને ગરબીઓ ભૂલાવા પામી હતી. પહેલાના સમયમાં પુરુષો ગાય તેને ગરબી અને મહિલાઓ ગાય તેને ગરબા કહેવાતા. જેમાં ચપટી, તાળી, ઠેસના ગરબા જેવા વિવિધ પ્રકારો પણ રહેતા હતા.

● શરદપૂર્ણિમા સુધી નગરમાં ચાલુ રહેલા ગરબાના માહોલના પગલે નિર્ણાયકોની માંગ વધવા પામી છે. ગરબા ગ્રુપના ટ્રેઈનરોથી માંડીને સ્વૈચ્છિક શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓને ગરબા સ્પર્ધાના નિર્ણાયકો માટે બોલાવવામાં આવે છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

ગોવર્ધનનાથજી હવેલીમાં દર્શન સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨૫

સેકટર-૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલી મંદિરમાં શરદપૂર્ણિમા નિમિત્તે દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા સમયપત્રક મુજબ ઉત્થાપન સાંજે ૫.૩૦ થી ૫.૩૫ કલાકે અને સંધ્યા આરતી સાંજે ૬.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન કરવામાં આવશે. શયન આરતી ૭.૩૦ થી ૮.૦૦ કલાક સુધી કરાશે. ઉપરોકત જણાવેલ દર્શનનો સમય તા. ૨૬ ઓકટોબરના દિવસ પૂરતો જ અમલમાં લેવામાં આવશે તેવું વૈષ્ણવ સમાજના મંત્રી રસીકભાઈ ગાંધીએ જણાવ્યું છે.

સેન્ટ ઝેવિયર્સ ખાતે 'રઢિયાળી રાત' ગરબા મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે ધ એકસ ઝેવિયરાઈટ્સ એસોસિએશન ગાંધીનગર દ્વારા ગરબા મહોત્સવ 'રઢિયાળી રાત'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રઢિયાળી રાતમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગરબા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા હતા.

નવરાત્રી મહોત્સવની શહેરમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ખેલૈયાઓએ નવ દિવસ મન મુકીને ગરબે ઘુમી મા ની આરાધના કરી હતી. નગરના ગરબા રસિકોએ ગરબા ગ્રાઉન્ડમાં ધુમ મચાવી હતી. માતાજીના શકિત અને ભકિતના પર્વની ઉજવણી તાજેતરમાં પૂર્ણ થઈ છે. છતાંય નગરમાં કેટલાક સ્થળોએ શરદપૂર્ણિમા સુધી ગરબાનું આયોજન છે ત્યારે નવલી નવરાત્રી નિમિત્તે શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે સૌ પ્રથમ વાર ટેક્ષા-જી દ્વારા

(ધ એકસ ઝેવિયર્સાઈટસ એસોસિએશન ગાંધીનગર) 'રઢિયાળી રાત'નું સુંદર ગરબા મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, વાલીગણ, સ્ટાફ સહિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહીને ગરબા મેદાનમાં ગરબે ગુમ્યા હતા. સુંદર સાઉન્ડ સિસ્ટમ અને મોકળાશવાળા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓએ ધૂમ મચાવી હતી. જયારે શાળામાં અભ્યાસ કરતા નાના બાળકો માટે અલગ ગરબા મેદાનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી જયાં નાના બાળકોએ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈ અવનવા સ્ટેપ્સ લઈ ઉપસ્થિત મહેમાનોના મન મોહી લીધા હતા. ગરબા ગ્રાઉન્ડમાં ગરબા પ્રેમીઓ માટે ફુડ સ્ટોલ ઉભા કરાયા હતા. જયાં ગરબે રમીને ગરબા રસિકો નીતનવો નાસ્તો આરોગતા નજરે પડતા હતા. ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓની ભારે ભીડ જામી હતી. ગરબે ઘુમતા ખેલૈયાઓને વિવિધ કેટેગરીમાં ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા હતા. જેમાં નર્સરી કેજીમાં છોકરાઓમાં પ્રથમ ક્રમ કુસારા બત્રા, દ્વિતિય ક્રમ માનવ જીતેન્દ્ર અને છોકરીઓમાં પ્રથમ ક્રમ યશ્વી, દ્વિતિય ક્રમ જાહનવીએ મેળવ્યો હતો. તેવી જ રીતે ધો-૧ થી ૪ના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમ માહી પટેલ, દ્વિતિય ક્રમ ધ્રુવી પટેલ, તૃતીય ક્રમ શ્રેયા શાહ, છોકરાઓમાં પ્રથમ ક્રમ કવન ભટ્ટ, દ્વિતિય ક્રમ શિવ પટેલ, તૃતિય ક્રમ શ્રેયસ તરાલ તથા ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓમાં છોકરીઓમાં પ્રથમ ક્રમ ઈશા ગોર, દ્વિતિય ક્રમ સ્તુતિ ઓઝા, તૃતિય ક્રમ અનેરી થાનકી તેમજ વેદાંશી દવે અને છોકરાઓમાં પ્રથમ ક્રમ જયમીન મકવાણા, દ્વિતિય ક્રમ વંદન ઠકકર, તૃતિય ક્રમ જય મહેતાએ મેળવ્યો હતો. વધુમાં ધોરણ-૯ થી ૧૨ની કેટેગરીમાં છોકરીઓમાં પ્રથમ ક્રમ નિયતિ પટેલ, દ્વિતિય ક્રમ તૃષા પટેલ, તૃતીય ક્રમ પંકિત પ્રજાપતિ જયારે છોકરાઓમાં પ્રથમ ક્રમ દિવ્યરાજ ચાવડા, દ્વિતિય ક્રમ જય ગાંધર્વ અને તૃતીય ક્રમ નિમિત માલહણ તેવી જ રીતે ઓપન કેટેગરી ગર્લ્સમાં પ્રથમ ક્રમ એરીકા ખન્ના, દ્વિતિય ક્રમ મેઘલ એરડા, તૃતીય ક્રમ માતંગી દવે અને છોકરાઓમાં પ્રથમ ક્રમ અરુણસિંહ ઝલા, દ્વિતિય ક્રમ ભાવેશ એરડા તૃતીય ક્રમે દિપ છાયાએ સ્થાન મેળવ્યું હતું. આ ગરબા મહોત્સવમાં શહેરના જાણીતા અગ્રણીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીગણ, સ્ટાફ તેમજ ગરબા રસિકો હાજર રહ્યા હતા અને ગરબા મહોત્સવને માણ્યો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

લીંબડીયા નર્મદા કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

મેદરા કેનાલમાંથી મૃત હાલતમાં મલેલી યુવતીની ઓળખ થઈ : યુવક-યુવતી બંને અસારવા વિસ્તારના રહેવાસી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલમાંથી આજે એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ગઈ કાલે બકરા ચરાવતા એક કિશોરે મેદરા કેનાલમાં એક યુવક અને એક યુવતીને સાથે છલાંગ મારતા જોયા હતા ત્યાર બાદ સાંજે યુવતીનો મૃતદેહ મળ્યો હતો આજે યુવકનો મૃતદેહ મળ્યો છે. બંને મૃતક અમદાવાદ અસારવા વિસ્તારના હોવાનું ધ્યાને આવ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગુનાની તપાસ શરુ કરી છે.

શનિવાર સવારે મેદરા નજીક બકરા ચરાવી રહેલા એક કિશોરે યુવક-યુવતીને મેદરા કેનાલમાં છલાંગ મારીને આપઘાત કરતાં જોઈ ગ્રામજનો તથા કેનાલ સિકયુરીટીને જાણ કરી બોલાવી લીધા હતા. ગઈ કાલે બપોર બાદ યુવતીનો મૃતદેહ મળી ગયો હતો તેની તપાસ કરતાં અમદાવાદ અસારવા વિસ્તારની ૨૨ વર્ષીય તેજલ જયંતીભાઈ પટણી હોવાનું ખુલ્યું હતું. દરમિયાન આજે યુવાનનો લીંબડીયા કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. અમદાવાદ અસારવા વિસ્તારના કલાપીનગરનો ૨૭ વર્ષીય યુવાન પવન ઉર્ફે લાલો રમણભાઈ રાઠોડ નામનો આ યુવાન હોવાનું ખુલ્યું છે. ડભોડા પોલીસે મૃતદેહ પીએમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ચિરવિદાય

● સ્વ. સવિતાબેન બળદેવજી મકવાણા, ઉ.વ.૪૫